# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**પેટલાદ નગરપાલિકાની લાલ આંખ** | પાલિકાની દુકાનોનું રૂ. ૫૫ લાખનું ભાડું ઓહિયાં કરી જનારા બાકીદારો સામે પગલાં ભરવાનું શરૂ કરાયું

# પેટલાદ પાલિકા દ્વારા ભાડુ ન ભરતા ૧૬ દુકાન 'સીલ' કરાઇ

**નોટિસને** ઘોળીને પી જનારા તત્વો સામે ચીફ ઓફિસરની ટીમની કડક કાર્યવાહી





તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૭

પેટલાદમાં નગરપાલિકા સંચાલિત ૧૫ જેટલા શોપિંગ સેન્ટર આવેલા છે. જેની ૫૦૦થી વધુ દુકાનો ભાડુઆતો પાસે છે. પરંતુ તેમાંથી ૧૫૦ જેટલા દુકાનદારો સમયસર ભાડા ભરતા નથી. જેને કારણે બાકી ભાડાની રકમ રૂ.૫૫ લાખ સુધી પહોંચી ગઈ છે. જેથી પાલિકાએ આવા બાકીદારોને પંદર દિવસ અગાઉ નોટીસો ફટકારી ભાડા ભરવા તાકીદ કર્યા હતા. પરંતુ બાકીદારોએ નહીં ગણકારતા પાલિકાએ આજથી સીલ મારવાની કામગીરી હાથ ધરી હતી. આજરોજ પાલિકાએ ૧૬ બાકીદારોની દુકાનો સીલ કરી વસૂલાતની કામગીરીનો પ્રારંભ કર્યો છે.

પેટલાદમાં નગર પાલિકા સંચાલિત ૧૫ જેટલા શોપિંગ સેન્ટરો કાર્યરત છે. જે પૈકી સૌથી મોટું કોમ્પલેક્ષ સરદાર પટેલ સુપર માર્કેટ છે. આ તમામ શોપિંગ સેન્ટરોની મળીને કુલ ૫૦૦થી વધુ દુકાનો છે. પાલિકાએ આ દુકાનો જે તે સમયે સુખડી (પાઘડી)ની રકમ લઈ ભાડેથી આપી હતી. પરંતુ સુપર માર્કેટની દુકાનો કોઈ સુખડી (પાઘડી) આપીને લેવા તૈયાર ન્હોતા. જેથી તત્કાલિન પ્રમુખ દિપાલીબેન શાહે આવી પડતર દુકાનો માત્ર ભાડા લઈ અગિયાર મહિનાના કરાર આધારીત જરૂરતમંદોને દુકાનો આપી હતી. સમય જતાં પાલિકાના તમામ શોપિંગ કોમ્પલેક્ષ ભરાઈ ગયા હતા. પરંતુ ત્યારબાદ કરાર આધારિત ભાડુઆતોના એગ્રિમેન્ટ રીન્યુ કરવામાં પાલિકા તંત્ર આળસુ બની ગયું હતું.

આ ઉપરાંત ભાડાની વસૂલાતમાં પણ પાલિકાએ ધ્યાન આપ્યું ન્હોતું. જેને કારણે ૫૦૦ પૈકી ૧૫૦ જેટલા દુકાનદારોના ભાડાની બાકી રકમ વધતી જતી હતી. જેથી તાજેતરમાં નવરચિત બોર્ડના સત્તાધિશોએ વસૂલાત માટે લાલ આંખ કરી છે. જેઓએ થોડા દિવસ અગાઉ બાકીદારોને ચઢેલા ભાડા ભરવા નોટીસ ફટકારી હતી. જેની સમય મર્યાદા આજે પૂર્ણ થતાં આજથી દુકાનોને સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આજરોજ સવારે ૧૧ કલાકે પાલિકાના ચીફ ઓફીસર કૃણાલ પટેલ, ઈ.ચા. ગુમાસ્તા ધારા કર્મચારી મૌલિક પટેલ સહિતની ટીમ આંબેડકર શોપિંગ સેન્ટર પહોંચ્યા હતા. જ્યાં વર્ષોથી જેઓએ ભાડા ભર્યા જ નથી તેવી દુકાનો સીલ કરી હતી. આ કોમ્પલેક્ષની ૧૫ તથા શહીદ ભગતસિંહ શોપિંગ સેન્ટરની એક મળી કુલ ૧૬ દુકાનોને આજે સીલ મારવામાં આવ્યું હતું. આગામી દિવસો દરમ્યાન પાલિકાના મહાત્મા ગાંધી શોપિંગ સેન્ટર, સરદાર પટેલ સુપર માર્કેટના બાકીદારોની દુકાનો સીલ કરવામાં આવનાર હોવાનું ચીફ ઓફીસર કૃણાલ પટેલે જણાવ્યું હતું.

**અહેવાલ પ્રસિદ્ધ**


ચરોતરમિત્ર

પેટલાદમાં લાંબા સમયથી ભાડા ન ભરતાં દુકાનદારો સામે 'લાલ આંખ' કરતાં 150 બાકીદારોને નોટિસનો ફટકારી

પેટલાદમાં ₹ ૫૫ લાખ વસૂલવા પાલિકાની કવાયત

### પેટા ભાડુઆતનો પેચીદો પ્રશ્ન

મળતી માહિતી મુજબ પાલિકાની દુકાનો ભાડે આપ્યા પછી તે દુકાન પેટા ભાડુઆતથી બીજા ઈસમને આપી શકાતી નથી. પરંતુ આ નિયમ અને શરતોને ભાડુઆતો ઘોળીને પી ગયા છે. આનું ઉલ્લંઘન કરી અનેક ભાડુઆતોએ પેટા ભાડુઆત તરીકે અન્ય ઈસમોને દુકાનો આપેલ છે. આવા ભાડુઆતો પેટા ભાડુઆત પાસેથી તગડું ભાડું લઈ પાલિકાને ન્યુનતમ ભાડું ચુકવે છે. કેટલાક તો ભાડા વર્ષોથી ભરતા જ નથી. જેથી હવે પાલિકા દ્વારા આવા ભાડુઆતો સામે કડક વલણ અપનાવવું શરૂ કર્યું છે.

---

**શિક્ષણ વિભાગના નિરીક્ષણ દરમિયાન તિજોરીમાંથી વિદેશી દારૂ ઝડપાયો**

# લીંબાલી પ્રા. શાળાના આચાર્યની ઓફિસમાંથી દારૂની બોટલો મળી

**ભાંડો ફૂટતા** જ આચાર્ય મેદાન છોડી ફરાર થયો

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૭

સોજિત્રાના લીંબાલી પ્રાથમિક શાળામાં શિક્ષણ વિભાગના ઓચિંતા નિરીક્ષણ દરમિયાન એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. શાળાના આચાર્યની ઓફિસમાં આવેલી સરકારી તિજોરી અને ટેબલ પરથી દારૂની ખાલી તેમજ અડધી ભરેલી બોટલો મળી આવતા સમગ્ર શિક્ષણ વિભાગમાં દોડધામ મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત 13 ઓગસ્ટના રોજ જિલ્લા શિક્ષણ અધિકારીની સૂચના મુજબ બીટ નિરીક્ષકોની ટીમ લીંબાલી પ્રાથમિક શાળામાં તપાસ માટે પહોંચી હતી. આ તપાસ દરમિયાન આચાર્ય સુરેશભાઈ મગનભાઈ માછીની ઓફિસમાં તપાસ કરતા, તેમની તિજોરીમાંથી દારૂની ખાલી કાચની બોટલો અને ટેબલ પરથી અડધી ભરેલી 'ઓરેન્જ વોડકા'ની પ્લાસ્ટિકની બોટલો મળી આવી હતી. આ નિરીક્ષણ દરમિયાન આચાર્ય પોતાની ઓફિસમાંથી નાસી છૂટ્યા હતા.

સામાન્ય રીતે શાળાઓમાં બાળકોના ભવિષ્યનું ઘડતર થતું હોય છે, પરંતુ લીંબાલી શાળાના આચાર્યએ પોતાની ઓફિસને જ મયખાનું બનાવી દીધું હોય તેમ જણાય છે. જે તિજોરીમાં શાળાના અગત્યના દસ્તાવેજો હોવા જોઈએ, ત્યાંથી દારૂની બોટલો મળી આવતા વાલીઓમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. સૌથી આશ્ચર્યની વાત એ છે કે, આચાર્યએ પકડાઈ જવાની બીકે ઉભી પૂંછડીએ ભાગવું પડ્યું હતું. આ મામલે તાલુકા શિક્ષણ અધિકારી માધવસિંહ પરમારે સોજિત્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી ફરાર આચાર્યને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

જોકે, આચાર્યની આ કરતૂત સામે શિક્ષક, શિક્ષકા અને અન્ય કર્મચારી પણ ચૂપ રહેતા ભારે આશ્ચર્ય જન્મયું છે. લાંબા સમયથી બદી ચાલી રહી હતી. આમ છતાં જિલ્લા કક્ષાએ તેની ગંધ પણ ન આવતા સુપરવિઝન સહિતની બાબતો પણ ભારે પ્રશ્નાર્થ સર્જાયો છે.

# ઠાસરામાં પત્નીની હત્યા કેસમાં પતિને આજીવન કેદ

**કોર્ટે ૧૪ સાક્ષી** અને ૨૧ દસ્તાવેજી પુરાવાઓને આધારે સજા ફટકારી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

ઠાસરા તાલુકાના દેવનગર ગામની સીમમાં પત્નીના ચારિત્ર્ય પર શંકા રાખી તેની ક્રૂર હત્યા કરનાર પતિને નડિયાદની મુખ્ય સેશન્સ કોર્ટે આજીવન કેદની સખત સજા ફટકારી છે.

મૂળ વડોદરા જિલ્લાના સાલરી તાલુકાના વસંતપુરાનો વતની રાજુ ઉર્ફે રાજેશ સોમાભાઈ ઠાકોર તેની પત્ની જ્યોત્સના સાથે દેવનગર ખાતે ખેતમજૂરી કરતો હતો. ગત ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪ની રાત્રે, પત્નીના ચારિત્ર્ય પર ખોટો વહેમ રાખીને આવેશમાં આવેલા રાજુએ ખેતરની ઓરડીમાં પડેલી કુહાડીથી જ્યોત્સનાના માથાના પાછળના ભાગે જીવલેણ ઘા ઝીંકી દીધો હતો. આ હુમલામાં ગંભીર ઈજાઓ થતાં ૪૩ વર્ષીય જ્યોત્સનાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ઠાસરા પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. ખેડા જિલ્લાના મુખ્ય સેશન્સ ન્યાયાધીશ પરવીન કુમારની અદાલતમાં આ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં સરકારી વકીલ પ્રેમ આર. તિવારીએ ૧૪ સાક્ષીઓ અને ૨૧ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. મેડિકલ રિપોર્ટ અને સાંયોગિક પુરાવાઓના આધારે સાબિત થયું હતું કે આરોપીએ કોઈ પણ ઉશ્કેરાટ વગર ઠંડા કલેજે પત્નીની હત્યા કરી છે. તમામ પાસાઓને ધ્યાને રાખી કોર્ટે આરોપી રાજુ ઠાકોરને આજીવન કેદની સજા અને કાયદા મુજબના દંડનો હુકમ કર્યો છે.

**સરકારી ગોડાઉનમાં રજીસ્ટર કરતા વધુ જથ્થો મળી આવતા તપાસનો ધમધમાટ**

# ખંભાતમાં ટેકાના ભાવે બાજરી ખરીદીમાં કૌભાંડના આક્ષેપ

**વેપારીઓ** અને તંત્રની સાંઠગાંઠની આશંકા વચ્ચે ખરીદી ઠપ



(પ્રતિનિધિ) ખંભાત તા.૧૭

ખંભાત તાલુકામાં ટેકાના ભાવે બાજરીની ખરીદીમાં ગંભીર ગેરરીતિ અને કથિત કૌભાંડના આક્ષેપો સામે આવતા વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ખંભાતના કાળી તલાવડી સ્થિત સરકારી ગોડાઉનમાં આકસ્મિક તપાસ દરમિયાન રજીસ્ટરમાં નોંધાયેલા જથ્થા કરતા મોટી માત્રામાં વધારાનો બાજરીનો જથ્થો મળી આવતા આ ગેરરીતિ ઉજાગર થઈ છે. આ ઘટનાને પગલે કાળી તલાવડી, છતરડી, ટીમ્બા અને સાયમા ખાતેના ચારેય ખરીદી કેન્દ્રો બંધ કરી દેવામાં આવતા ટેકાના ભાવે પાક વેચવાની આશાએ બેઠેલા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

આ અંગે ખેડૂત આગેવાનોના જણાવ્યા મુજબ, એમએસપી માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યાને ૫ મહિના વીતી ગયા હોવા છતાં ૧૨૦૦થી વધુ ખેડૂતોની ખરીદી બાકી છે. પોપટપુરા, કાણીસા, કલોદરા, જહાજ, બામણવા, ઉંદેલ, જલુન્ધ સહિતના અનેક ગામોના ખેડૂતોની બાજરી હજુ ઘરમાં પડી છે. મેસેજ ન મળતા ખેડૂતો ટોકન લઈને ટ્રેક્ટર સાથે કેન્દ્રો પર પહોંચે છે, પરંતુ કેન્દ્રો બંધ હોવાથી તેમને માલ પરત લઈ જવાની ફરજ પડી રહી છે.

ખેડૂતોના આક્ષેપ મુજબ, વધારાની બાજરીનો જથ્થો કેટલાક વેપારીઓ દ્વારા અગાઉથી જ ગોડાઉનમાં જમા કરાવી દેવામાં આવ્યો હતો. આ જથ્થો ગોડાઉન સુધી કેવી રીતે પહોંચ્યો અને કયા આધારે તેની એન્ટ્રી થઈ તે અંગે સવાલો ઉઠ્યા છે. ખેડૂતોએ આ મામલે જવાબદારો સામે કડક કાર્યવાહી કરી તાત્કાલિક ધોરણે પારદર્શક રીતે ખરીદી પુનઃ શરૂ કરવાની માંગ કરી છે. જો સરકારી ખરીદી શરૂ નહીં થાય તો ખેડૂતોને ખાનગી વેપારીઓને ઓછા ભાવે પાક વેચવાની નોબત આવશે તેવી ભીતિ સેવવામાં આવી રહી છે.

---

# કેનેડા મોકલવાના બહાને ૧૭.૨૦ લાખની છેતરપિંડી

**આણંદના** શખ્સે શિક્ષકના પુત્રને વિદેશ મોકલવાની લાલચ આપી લાખો પડાવ્યા

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૧૭

બાલાસિનોરમાં રહેતા અને વ્યવસાયે શિક્ષક એવા એક પિતાને પોતાના પુત્રને ઉજ્જવળ ભવિષ્ય માટે કેનેડા મોકલવાનું સપનું ભારે પડ્યું છે. આણંદના એક કહેવાતા એજન્ટે વિઝા પ્રોસેસના બહાને વિશ્વાસમાં લઈ ટુકડે-ટુકડે કુલ ૨૦.૨૦ લાખ પડાવી લીધા હતા. લાંબો સમય વીતવા છતાં પુત્રના વિઝા ન આવતા અને ઉઘરાણી કરવા છતાં પૂરેપૂરી રકમ પરત ન મળતા, આખરે શિક્ષકે આણંદના શખ્સ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

બાલાસિનોરની શ્રી રામ સોસાયટીમાં રહેતા વિપુલભાઈ નારણભાઈ પટેલે બાલાસિનોર ટાઉન પોલીસ મથકે પ્રતિકભાઈ વિનુભાઈ પટેલ (રહે. ગોકુલ પાર્ક સોસાયટી, આણંદ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. એપ્રિલ ૨૦૨૩માં સંપર્કમાં આવેલા પ્રતિકભાઈએ વિપુલભાઈના પુત્ર મનનને કેનેડા મોકલવા માટે ૩૩ લાખનો ખર્ચ થશે તેમ જણાવી વિશ્વાસ જીત્યો હતો. બાદમાં ૨૦૨૩થી ૨૦૨૪ દરમિયાન અલગ-અલગ બેંક ખાતાઓ દ્વારા અને રોકડમાં કુલ ૨૦.૨૦ લાખ રૂપિયા વિપુલ પટેલે ચૂકવ્યા હતા. જોકે, કોઈ વિઝા પ્રોસેસ થઈ ન હતી. ફરિયાદીએ નાણાં પરત માંગતા પ્રતિક પટેલે માત્ર ૩ લાખ પરત કર્યા હતા અને બાકીના ૧૭.૨૦ લાખ ઓળવી જઈ વિશ્વાસઘાત કર્યો હતો. બાલાસિનોર પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**નડિયાદ-અમદાવાદ હાઇવે પર પાણીની પાઇપલાઇન લીકેજ થતા જમીન ધસી પડી**

# દેવકી વણસોલ પાસે હાઈવે પર ૧૦ ફૂટ ઊંડો મહાકાય ભુવો પડ્યો

**એક તરફનો** રસ્તો બંધ કરાતા વાહનચાલકોની હાલત કફોડી





(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

નડિયાદ-અમદાવાદ સ્ટેટ હાઈવે પર આવેલા દેવકી વણસોલ ગામના પાટિયા પાસે અચાનક ૧૦ ફૂટ ઊંડો અને ૩ ફૂટ પહોળો મસમોટો ભુવો પડતા વાહનવ્યવહારને વ્યાપક અસર પહોંચી છે. હાઈવે પર સતત વાહનોની અવરજવર વચ્ચે અચાનક રસ્તો ધસી પડતા વાહનચાલકોમાં ગભરાહટ ફેલાયો હતો. અકસ્માત નિવારવા માટે તાત્કાલિક અસરથી રસ્તાની એક બાજુનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરી દેવાની ફરજ પડી હતી.

પ્રાથમિક તપાસ મુજબ, હાઈવે નીચેથી પસાર થતી પાણીની પાઈપલાઈનમાં મોટું લીકેજ થવાના કારણે સતત વહેતા પાણીથી નીચેની માટીનું ધોવાણ થયું હતું, જેના પરિણામે ઉપરનો ડામરનો રોડ બેસી ગયો હતો. તાલુકા પંચાયતના સદસ્ય રામસિંહ ચૌહાણે પુષ્ટિ કરી હતી કે સદનસીબે આ ભુવામાં કોઈ વાહન ખાબક્યું ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

આ ઘટના અંગે ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણને જાણ કરવામાં આવતા સરકારી તંત્ર તત્કાલ હરકતમાં આવ્યું હતું અને જેસીબી સહિતની મશીનરી સાથે ભુવો પૂરવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે.

# આણંદમાં બાઈક ચાલકે ટ્રાફિક જવાનની ફેંટ પકડી મુક્કો માર્યો

**મોબાઈલ** પર વાત કરતા ચાલકને રોકતા ઉશ્કેરાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૭

આણંદ શહેરના વ્યસ્ત મહારાણા પ્રતાપ સર્કલ પાસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પડકારતી એક ગંભીર ઘટના સામે આવી છે, જ્યાં ટ્રાફિક નિયમન કરી રહેલા ટીઆરબી જવાનો સાથે એક બાઈક ચાલકે જાહેરમાં મારપીટ કરી સનસનાટી મચાવી દીધી છે.

આણંદ શહેર ટ્રાફિક પોલીસ શાખાના મહિલા અસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ વિરલબેન અને તેમની ટીમ ફરજ પર હતી ત્યારે ઈસ્માઈલ નગરનો મહોમ્મદસિદ્દીક સલીમભાઈ મેમણ ચાલુ બાઈકે મોબાઈલ પર વાત કરતા પસાર થઈ રહ્યો હતો. ટ્રાફિક પોઈન્ટ પર હાજર જવાનોએ તેને ઊભા રહેવા ઈશારો કર્યો હોવા છતાં તે વાહન રોક્યા વિના આગળ નીકળી ગયો હતો.

થોડીવાર બાદ આરોપી ચાલીને પરત આવ્યો હતો અને ફરજ પરના TRB જવાન સાથે ગાળાગાળી કરી તેની ફેંટ પકડી છાતીના ભાગે મુક્કો મારી દીધો હતો. આરોપીએ ઉશ્કેરાઈને ધમકી આપી હતી કે, 'જો હવે પછી મારી મોટરસાયકલ ઊભી રખાવશો, તો તમારા પર બાઈક ચઢાવીને તમને જાનથી મારી નાખીશ.'

સરકારી કામકાજમાં અડચણ ઊભી કરવા અને હુમલો કરવા બદલ મહિલા હેડ કોન્સ્ટેબલ વિરલબેને આણંદ શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી વિરુદ્ધ મારપીટ અને ધમકી આપવા બદલ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

# શ્રાવણના પ્રથમ સોમવારે શિવાલયો 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યાં

વહેલી સવારથી જળાભિષેક-પૂજા માટે ઉમટ્યા શિવભક્તો



(પ્રતિનિધિ) આણંદ તા.૧૭

પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે આણંદ, બોરસદ, પેટલાદ, ખંભાત, આંકલાવ અને તારાપુર સહિત સમગ્ર આણંદ જિલ્લામાં ભક્તિ અને આધ્યાત્મિકતાનો માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ વિવિધ શિવાલયોમાં 'હર હર મહાદેવ' અને 'ૐ નમઃ શિવાય'ના નાદ ગુંજી ઉઠતાં સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. શિવભક્તોએ શ્રદ્ધાપૂર્વક દેવાધિદેવ મહાદેવને જળાભિષેક કરી બિલીપત્ર, પુષ્પ અને નૈવેદ્ય અર્પણ કરી પૂજા-અર્ચના તથા આરતીમાં જોડાઈ ધન્યતા અનુભવી હતી.

શ્રાવણ માસ ભગવાન શિવની આરાધના માટે વિશેષ પવિત્ર માનવામાં આવે છે. તેમાં પણ સોમવારનું વિશેષ ધાર્મિક મહત્વ હોવાથી પ્રથમ સોમવારથી જ શિવમંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. અનેક શિવાલયોમાં વહેલી સવારે મંગળા આરતી બાદ વિશેષ પૂજા, જળાભિષેક અને ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

### આણંદમાં પ્રાચીન શિવાલયોમાં ભક્તોની ભીડ

આણંદ શહેરના પ્રાચીન જાગનાથ મહાદેવ મંદિર ઉપરાંત લોટેશ્વર મહાદેવ, ઓમકારેશ્વર મહાદેવ, ધર્મેશ્વર મહાદેવ, સોમેશ્વર મહાદેવ, કૈલાસનાથ મહાદેવ સહિતના શિવાલયોમાં પણ ભક્તિમય માહોલ છવાયો હતો. આણંદ નજીક જીટોડિયા ગામે આવેલા પ્રાચીન વૈજનાથ મહાદેવ મંદિરમાં પણ સવારથી જ દર્શનાર્થીઓની લાંબી કતારો જોવા મળી હતી. વલેટવા ખાતે મનકામેશ્વર પાર્દેશ્વર મહાદેવ મંદિર ખાતે વિશેષ પૂજા-અર્ચના અને આરતી યોજાઈ હતી.

### બોરસદમાં મહાકાળેશ્વર મહાદેવના દર્શને ભક્તો ઉમટ્યા

બોરસદના મહાકાળેશ્વર મહાદેવ મંદિર સહિત શહેર અને તાલુકાના વિવિધ શિવાલયોમાં શ્રાવણના પ્રથમ સોમવારે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. વહેલી સવારથી જ શિવભક્તો ભગવાન ભોળાનાથના દર્શન માટે ઉમટી પડ્યા હતા. મંદિરોમાં જળાભિષેક, બિલીપત્ર અર્પણ કરવામાં આવ્યાં હતાં.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225